# ૨૦ એપ્રિલ -૨૦૧૬ (બુધવાર)

## ■ IRNSS ના ૩ કોમપચ્યુનિકેશન રીસિવર ગુજરાતમાં ગોઠવાશે :

- ઇસરો દ્વારા ઇન્ડિયન રીજનલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ (આઇઆરએનએસએસ) ના ૧૦૦ કોમ્યુનિકેશન રીસિવર સમગ્ર દેશના જુદા જુદા વિસ્તારોમાં ગોઠવવામાં આવ્યા છે.
- આ અંતર્ગત ગુજરાતમાં ૩ કોમ્યુનિકેશન રીસિવર ગોઠવવામાં આવશે.
  - ૧) નિરમા યુનિવર્સિટી- અમદાવાદ
  - ૨) સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - સુરત
  - ૩) ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી- ગાંધીનગર
- આ રીસિવર મળનાર ડેટાથી હવામાન સહીત વાતાવરણનો અભ્યાસ કરવામાં અવશે.
- આ સીસ્ટમ હેઠળ IRNSS થી IRNSS સુધી કુલ સાત સેટેલાઇટ લોન્ચ કરવામાં આવશે.
- હાલમાં કુલ સાત સેટેલાઇટ લોન્ચ થઇ ચુક્યા છે જ્યારે સાતમો સેટેલાઇટ લોન્ચ થયા બાદ IRNSS સંપૂર્ણપણે કાર્યરત થઇ જશે.
- IRNSS નો લાભ નેવીગેશન ઉપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફિલ્ટ મેનેજમેન્ટ અને મેપિંગમાં કરવામાં આવશે.

## ■ અફઘાનિસ્તાનમાં આતંકીઓનો બૉંબ વિસ્ફોટ

- તાજેતરમાં અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ગુપ્તચર એજન્સી ઓફીસ નજીક આતંકવાદીઓએ બોમ્બ વિસ્ફોટ કર્યો.
- આ બૉંબ વિસ્ફોટમાં ૨૮ લોકોના મૃત્યુ અને ૩૩૦ થી વધુ લોકો ઘાયલ થયા.
- આ હુમલાની જવાબદારી તાલીબાનોએ સ્વીકારી
- અફઘાનિસ્તાન રાષ્ટ્રપતિ- અશરફ ગની

## ■ દિપા કર્માકરની બીજા દિવસે પણ અનોખી સિધ્ધી :

- ભારતીય જિમ્નાસ્ટ દિપા કર્માકરે રિયો ગેમ્સમાં ક્વોલિફાય થયાના બિજા દિવસે શાનદાર પર્ફોમન્સ જારી રાખતા આંતરરાષ્ટ્રીય જિમ્નાસ્ટીક વોલ્ટ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- આ સાથે આંતરરાષ્ટ્રીય જિમ્નાસ્ટ ઇવેન્ટમાં ભારત તરફથી ગોલ્ડ મેડલ જીતનારી સૌપ્રથમ મહિલા ખેલાડી બની ગઇ છે.

## ■ સાયન્સ એક્સપ્રેસ ક્લાયમેન્ટ એક્શન સ્પેશ્યલ ટ્રેન :

- ક્લાયમેન્ટ ચેન્જ અંગેની પરિસ્થતીથી નાગરિકોને વાકેફ કરવાના હેતુથી સાયન્સ એક્સપ્રેસ ટ્રેન ગુજરાતના પ્રવાસે આવી છે.
- આ ટ્રેન ૨૦ એપ્રિલથી ૭ મે સુધી ગુજરાતના અલગ-અલગ રેલવે સ્ટેશનોએ રોકાણ કરશે.

## ■ પ્રશ્નો :

(૧) આગામી સમયમાં IRNSS ના કેટલા કોમ્યુનિકેશન રીસિવર ગુજરાતમાં ગોઠવાશે ?
- ૩

(૨) કયા ત્રણ શહેરોમાં IRNSS ના કોમ્યુનિકેશન રીસિવર ગોઠવાશે ?
- અમદાવાદ

(૩) IRNSSની આ સીસ્ટમ હેઠળ કુલ કેટલા સેટેલાઇટ લોન્ચ કરવામાં આવશે ?
- સાત

(૪) તાજેતરમાં અફઘાનિસ્તાનના કયાં શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયો ?
- કાબુલ

(૫) અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ ?
- અશરફ ગની

(૬) સાયન્સ એક્સપ્રેસ ટ્રેન ગુજરાતમાં કેટલા દિવસ રોકાણ કરશે ?
- ૧૮ દિવસ (૨૦ એપ્રિલ-૭ મે)